VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# શિષ્ટસાહિત્ય અને લોકસાહિત્ય વચ્ચેના ભેદસંદર્ભે મેઘાણીનીસૈદ્ધાંતિક અવધારણા

## ડૉ. કૌશિકકુમાર લલિતભાઈ પંડ્યા

**મદદનીશ પ્રાધ્યાપક,**
**સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, બાબરા**
**જિ. અમરેલી.**
**k**aushikpandya88@gmail.com
**9913936127**

## સારાંશ

*લોકસાહિત્યનું નિર્માણ થાય છે સમસ્ત લોકસમુદાય દ્વારા. તેથી એમાં વર્ણવાયેલા ભાવ, રસ અને કલ્પનાઓ પણ લોકજીવનમાંથી જ, લોકોના જીવન અનુભવો સાથે જડાયેલી હોય એવી સૃષ્ટિમાંથી જ આવે છે. ભાવ, અભિવ્યક્તિ અને પ્રયોજનના સંદર્ભે શિષ્ટસાહિત્ય અને લોકસાહિત્ય વચ્ચે તાત્વિકભેદ જોવા મળે છે. આ દ્રષ્ટીએ જોઈએ તો મેઘાણીના મુલ્યવાન ગ્રંથ 'લોકસાહિત્યનું સમાલોચન'નું ચોથું વ્યાખ્યાન 'સ્વતંત્ર અને સજીવન સ્રોત' ઘણું અગત્યનું છે, કારણ કે એ વ્યાખ્યાનમાં મેઘાણીએ લોકસાહિત્યની નિજી પ્રકૃતિ અંગેની પોતાની સમજ દર્શાવી આપી છે. મેઘાણીએ આ વ્યાખ્યાન મુંબઈ યુનિવર્સીટી ખાતે આપેલું હતું. આ વ્યાખ્યાનમાં મેઘાણીનો ઉપક્રમ લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચેના પ્રકૃતિગત ભેદને સ્પષ્ટ કરવાનો રહ્યો છે. ગુજરાત સરકારે તાજેતરમાં મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિનું વર્ષ ઉજવવાની જાહેરાત કરી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ખાતે સરકારશ્રી દ્વારા સ્થાપિત 'ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્યકેન્દ્ર' પણ વિશેષ ઉપક્રમો યોજી રહ્યું છે. આ નિમિત્તે એમના કાર્યનું પુનર્મૂલ્યાંકન કરી એમની સજ્જતાને દર્શાવી આપવાનું કાર્ય ઘણું આવશ્યક છે. આ લેખમાં શિષ્ટસાહિત્ય અને લોકસાહિત્ય વચ્ચેના ભેદસંદર્ભે મેઘાણીની સૈદ્ધાંતિક અવધારણા તપાસીને તેનું મૂલ્યાંકન કરવાનો ઉપક્રમ છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *મેઘાણી, લોકસાહિત્યની પ્રકૃતિ, શિષ્ટસાહિત્યની પ્રકૃતિ.*

'લોકસાહિત્યનું સમાલોચન' ગ્રંથમાં મેઘાણીએ 'સ્વતંત્ર અને સજીવન સ્રોત' વ્યાખ્યાનનો આરંભ નર્મદકૃત રચના 'નાહોલિયાને આજીજી' વિશેની ચર્ચાથી કર્યો છે. આ રચના વિશે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપતા તેમણે નોંધ્યું છે કે, "નથી એ મૂળ લોકગીત, નથી એ સફળ અનુકૃતિ કે નથી એ કોઈ લોકકંઠે પહોંચી શકે તેવી કવિરચના." મેઘાણીનું આ વ્યાખ્યાન સૈદ્ધાંતિક દ્રષ્ટિએ ઘણું મુલ્યવાન છે. સમગ્ર વ્યાખ્યાનમાં મેઘાણી વિવિધ દ્રષ્ટાંતો આપીને ભાવ, કલ્પના, વર્ણનશૈલી, અલંકારો, ભાષામરોડ વગેરેઘટકોને કેન્દ્રમાં રાખીને લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચે કેવો મૂળગત ભેદ જોવા મળે છે એ સવિસ્તાર સ્થાપિત કરી આપે છે. પોતાની વિચારણાને સ્થાપિત કરવા માટે તેઓ અનેક દ્રષ્ટાંતોને ઉદ્ધૃત કરે છે.

મેઘાણીએ પ્રેમાનંદ, નર્મદ, દલપતરામ, શામળ અને નરસિંહની રચનાઓને શિષ્ટસાહિત્ય તરીકે દ્રષ્ટાંતોરૂપે ખપમાં લીધી છે. આ સર્જકોની રચનાઓને મેઘાણી 'લોકભોગ્ય રચના' તરીકે ગણે છે. લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચેનો પ્રકૃતિગત

http://vidyajournal.org

ભેદ દર્શાવવા મેઘાણીએ આ સર્જકોનાં દ્રષ્ટાંતો જ શા માટે ખપમાં લીધાં તે અંગેનું તેમનું દ્રષ્ટિબિંદુ પણ જાણવા જેવું છે. તેમનાં આ વિધાનો જોઈએ :

(૧) "દલપતરામ તો લોકવ્યવહારના જ્ઞાતા, લોકસમૂહના રંજક, ઠાવકાઈમાં પૂરા પાવરધા, સમૂહજીવનના શ્વાસોચ્છ્વાસ લેતા કવિ હતા. એમની કવિતાનો મોટો દાવો જ લોકભાગ્યતા છે."

(૨) "હવે આપણે શામળને લઈએ. કારણ કે એ લોકકવિ હતો."

(૩) "આ માટે આપણે લોકસમૂહની નજીક ઊભેલા કવિની કૃતિને તપાસીએ." (નરસિંહ મહેતા વિશે)

(૪) "શામળની પદ્યબંધી વાર્તાઓ... લોકભાગ્ય હતી, પણ લોકસાહિત્ય લોકવાણી નહોતી."

અહીં જોઈ શકાય છે કે મેઘાણી દલપતરામને 'લોકસમૂહરંજક', શામળને 'લોકકવિ', નરસિંહને 'લોકસમૂહની નજીક ઊભેલો કવિ' અને શામળને 'લોકભાગ્ય કવિ' ગણાવે છે. અને એટલે જ લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચેનો પ્રકૃતિગત ભેદ દર્શાવી આપવા મેઘાણી મધ્યકાલીન કવિઓની આ કૃતિઓનાં દ્રષ્ટાંતો પ્રયોજે છે. સ્પષ્ટ છે કે આ ઉપક્રમ દ્વારા એ સમયે સામાન્ય લોકસમુદાયમાં ગેરસમજને કારણે લોકસાહિત્ય તરીકે પ્રચલિત બની ગયેલી ઉપરોક્ત કવિઓની કૃતિઓ લોકસાહિત્ય નથી, એ રચનાઓ લોકસાહિત્ય ન બની શકે, લોકસાહિત્યની મૂળપ્રકૃતિથી એ રચનાઓ ભિન્ન પડે છે એ પ્રકારની શુદ્ધ સમજ સ્પષ્ટ થાય એવું પ્રતિપાદિત કરવા મેઘાણી તર્કપૂત રીતે દલીલો મૂકી આપે છે.

જોકે અહીં મેઘાણીની એક મર્યાદાનો નિર્દેશ કરવો જરૂરી છે. મેઘાણીનો આશય સ્પષ્ટ રીતે લોકસાહિત્ય અને કવિકૃત શિષ્ટસાહિત્ય વચ્ચેનો ભેદ બતાવવાનો છે પરંતુ સમગ્ર દીર્ઘચર્ચા દરમિયાન તેમણે જે દ્રષ્ટાંતો મૂકયાં છે તે લોકગીત રચનાઓનાં જ છે. લોકસાહિત્યની અન્ય સ્વરૂપની કૃતિઓ દ્રષ્ટાંત તરીકે ગેરહાજર હોવાથી આ ચર્ચા લોકગીતકેન્દ્રી બનીને અટકી જાય છે. આમ છતાં મેઘાણીની આ ચર્ચા ખૂબ જ અગત્યની છે, કારણે લોકસાહિત્યની મેઘાણીની ઊંડી પરખના દર્શન તેમાં થાય છે.

આપણા પ્રેમાનંદ, શામળ જેવા મધ્યકાલીન કવિઓએ તેમજ દલપતરામ, નર્મદ, નાનાલાલ, બોટાદકર આદિ અર્વાચીન કવિઓએ લોકસાહિત્યના ભાવોને તથા રાગઢાળોને ખપમાં લીધાં, પણ ઝવેરચંદ મેઘાણી બતાવે છે કે એ કવિઓની કવિતામાં લોકસાહિત્યનાં રસાનંદનાં તત્વોઅને સુષ્મા પ્રગટ થયાં નથી. મેઘાણીની એક મહત્વની અવધારણા છે કે લોકસાહિત્યમાં જિવાતાં જીવનની છાપ હોય છે અનેલોકસાહિત્યના અલંકારોમાં આ છાપ પ્રબળ જોવા મળે છે. મેઘાણીએ પ્રેમાનંદ, શામળ, નર્મદ, દલપતરામ આદિ કવિઓની કવિતાનાં ઉદાહરણો સામે લોકકવિતાનાં ઉદાહરણો મૂકી આ વાત સિદ્ધ કરી બતાવી છે કે, "આખ્યાનકાવ્ય કહો કે કથા કહો, તેની શામળ, પ્રેમાનંદ, સમા કવિઓએ ખેડેલી ઘાટી જુદી અને લોકકાવ્યની પ્રૌઢિ પણ જુદી. બન્નેનું પોતપોતાનું સ્વતંત્ર કલાવિધાન છે. કોઈએ કોઈનું અનુકરણ કર્યું નથી."

ઉપરોક્ત આલેખન પરથી મેઘાણીએ સ્થાપિત કરેલ લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચેનો પ્રકૃતિગત ભેદ નીચે પ્રમાણે તારવી શકાય:

**(૧)** નર્મદના 'નાહોલિયાને આજીજી'એ ગોપગીતને અનુલક્ષીને મેઘાણી કહે છે કે વિરહદર્શક લોકગીતમાં શિષ્ટસાહિત્યની માફકસૃષ્ટિસૌંદર્ય માણવાનો, સહેલગાહ કરવાનો તથા'ફૂડ એન્ડ સેક્સ'નો ભાવ હોતો નથી. મેઘાણીનું એવું પણ તારણ છે કે વિરહદર્શક લોકગીતોમાં પોશાક વગેરે ઉપકરણોનાં વિગતવાર વર્ણન આવતાં હોતા નથી. આમ, નર્મદકૃત શિષ્ટપ્રવાહનાં કાવ્ય અને લોકકાવ્ય વચ્ચેના ભેદને મેઘાણી ભાવનાત્મકતા અને વાસ્તવિકતાવચ્ચેનો ભેદ ગણાવે છે. એમનું આ વિધાન જુઓ,"નર્મદના રાસડામાં ભરવાડણને ધરતી ઝોક ને ગોંદરા છોડી ડુંગરે ભમવાનું, દોવાનું, હાંકવાનું, સૃષ્ટિસૌંદર્ય માણવાનું દિલ છે. આ લાગણી લોકસાહિત્યને માટે અવાસ્તવિક છે."

**(૨)** 'સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણશે...'એ લોકગીતના આધારે મેઘાણી તારણ આપે છે કે લોકવાણીમાં પ્રકૃતિસૌંદર્યનું વર્ણન અલ્પમાત્રામાં અને ચિત્રાત્મક રીતિએ આવતું હોય છે.

http://vidyajournal.org

**(3)** મેઘાણીના મતે, દલપતરામનાં લગ્નગીતોમાં સુબોધ, સદાચાર અને સુનીતિ પ્રમુખસ્થાને છે જ્યારે લોકલગ્નગીતોમાં રસ, રસિકતા અને માર્મિકતા પ્રમુખસ્થાને હોય છે. મેઘાણીની અવધારણા છે કે લોકલગ્નગીતોમાં સદાચાર ઠાંસવામાં આવ્યો ન હોય પરંતુ તે સ્વાભાવિકપણે નિષ્પન્ન થાય છે. ઉપરાંત કન્યાવિદાય સમયનું કરુણવાસ્તવ લોકલગ્નગીતોમાં નિર્દંભ રીતે નિરૂપાયેલું હોય છે જે દલપતરામનાં લગ્નગીતોમાં જોવા મળતું નથી. આ ઉપરાંત પણ એક તાત્વિક ભેદ મેઘાણી આ પ્રમાણે બતાવે છે કે,"બેઉ ગીતોમાં વિવાહ પૂર્વેનું સંવનન આલેખાયું છે. તે પછી દલપત-ગીતની કન્યા પોતાની માતા પાસે પસંદગીની વાત મૂકે છે, અને લોકગીતની કન્યા પિતા પાસે... દલપતરામનો આદર્શ લાડો એ છે કે જેને 'જગત વખાણે'. લોકવાણીનો ઉત્તમ લાડો એ છે કે જેને સહિયરો અને ભાભી વખાણે."

**(૪)** લોકગીતોમાં પ્રયોજાયેલી દેહસૌંદર્ય માટેની ઉપમાઓ સંસ્કૃત અલંકારશાસ્ત્રની શિષ્ટપરંપરાને અનુસરીને આવતી હોતી નથી, પરંતુ તે અનુકરણમુક્ત અને લોકજીવનની ખાસિયતોને દર્શાવનારી હોય છે એવું તાત્વિક પ્રતિપાદન મેઘાણીએ આપ્યું છે. આ સંદર્ભે મેઘાણીએ લોકપરંપરાના કેટલાક દુહાઓ તથા 'તારા માથાનો અંબોડો રે...'એ લોકગીત દ્રષ્ટાંત તરીકે ટાંકયું છે.

**(૫)** મેઘાણી પોતાનાં નિરીક્ષણો આપે છે કે, નરસિંહનાં શૃંગારનાં પદોમાં લંપટતા બહેકાવતાં ચિત્રો છે, તે લોકસાહિત્યનાં કૃષ્ણગીતોમાં જોવા મળતાં નથી. આલિંગન અને ચુંબન જેવી ક્રિયાઓનો નિર્દેશ લોકગીતોમાં હોતો નથી. પ્રેમાનંદની જેમ વાસ્તવ સાથે છૂટ લઈને લોકસાહિત્યમાં કામભાવનું આલેખન થયું હોતું નથી. લોકસાહિત્યમાં સલજ્જાનું આવરણ હોય છે કારણ કે તે પ્રકટપણે સમૂહ વચ્ચે માણવાની વસ્તુ છે.

**(૬)** શામળની સમસ્યાઓને અનુલક્ષીને મેઘાણી તારણ આપે છે કે લોકસાહિત્યની સમસ્યાઓમાં વધુ પડતું બુદ્ધિચાતુર્ય અને નર્યું કવિનું પાંડિત્ય જોવા મળતું નથી.

**(૭)** મેઘાણીએ લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચેનો ભેદ દર્શાવી આપતો એક મહત્વનો સિદ્ધાંત આપ્યો છે કે, શામળ અને પ્રેમાનંદ પ્રસંગવર્ણનનો વિસ્તાર કરે છે, તેને સ્થાને લોકકથામાં સીધા ચિત્રાત્મક પ્રસંગોની વેગીલી સાંકળ હોય છે. મેઘાણીના અવલોકન પ્રમાણે, "લોકગાથા તો કોઈ દેવદેવીની પ્રાર્થના કર્યા વગર કે કથાપ્રસંગની લીલાભૂમિનું વર્ણન કર્યાં વગર બારોબાર ઘટનાના પ્રવાહની મઝધારમાં ઝુકાવે છે."

**(૮)** મેઘાણીનું મંતવ્ય છે કે પ્રતિભાસંપન્ન કવિ પ્રજાસમૂહનું પ્રતિબિંબ ઝીલી શકતો નથી. આ સંદર્ભે તેમણે આપેલું દ્રષ્ટાંત જોવા જેવું છે : "પોતાનાં સ્ત્રીપાત્રોની જેમ પુરુષપાત્રોનું રૂપવર્ણન પણ પ્રેમાનંદ ગમે તે ખૂબીઓથી કરતા હશે, છતાં લોકસાહિત્યનું રૂપવર્ણન એનાથી છેક સ્વતંત્ર હશે. ઘણાં વર્ષે ભાઈને મળનાર સાસરવાસી બહેન પોતાના સહોદરને આ નિશાનીએ ઓળખે છે :

ઓળખ્યો ઓળખ્યો રે માની આંખ્યુંનો અણસાર
બાપની બોલાશે વીરને ઓળખ્યો."

**(૯)** લાઘવને મેઘાણી 'લોકવાણીનો પ્રાણ'ગણે છે. શિષ્ટપરંપરાની કવિકૃત રચનાઓમાં પ્રસ્તારી આલંકારિક વર્ણનો જોવા મળે છે જ્યારે લોકસાહિત્યની ગીતરચનામાં લાઘવ અને મર્મસભરતા તેની વર્ણનરીતિની વિશેષતા છે એમ મેઘાણીએ 'પાતળી પરમાર્ય'નું દ્રષ્ટાંત આપીને યથાર્થ દર્શાવી આપ્યું છે.

**(૧૦)** લોકજીવનના અભ્યાસના આધારે મેઘાણીએ બતાવી આપ્યું છે કે, પરિચિતજીવનની ઘટનાઓ અને આસપાસનાં પરિવેશમાંથી લીધેલી ઉપમાઓ લોકસાહિત્યની વિશેષતા છે. આ સંદર્ભે મેઘાણીએ દુહાનાં દ્રષ્ટાંતો આપ્યા છે. જેમ કે મિત્ર

http://vidyajournal.org

માટે 'કૂવાના કોસ', જીવનની નીરસતા માટે 'માગ્યા ઘરની છાસ' અને વિરહભાવ માટે 'પશુ-લાગણી'ની ઉપમા જોવા મળે છે.

**(૧૧)** મેઘાણીએ પ્રયોજનના આધારે પણ લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો છે. આ સંદર્ભના ભેદને સ્પષ્ટ કરતી મેઘાણીની અવધારણા રહી છે કે, "પ્રેક્ષકોનું મનોરંજન કરવા કે સાહિત્યને સમૃદ્ધ કરવાની વાંછના માટે યોજાયેલા એ જલસાઓ નહોતા; પણ પોતાના ઉમળકા ઠાલવવાની, જીવનનાં સુખદુ:ખો હસી કે રડી કાઢવાની, કલાને જીવનમાં ભરી લેવાની, એટલે કે નિજાનંદની એ રમતો હતી... કાળાશની એ બધી ભયાનકતાને આ સુંદરીઓ પોતાના સૂરો વડે જ રઢિયાળી બનાવી દેતી." અન્ય સ્થાને તેઓએ નોંધ્યું છે કે, "એવો લોકસમૂહ સંગ્રામ અને શિકારથી થાકતો, કોસ-હાંકણી ને લહાણી-કાપણી કરી કરી લોથ થતો, ધંધાકસબના એકધારા જીવનથી કંટાળતો, ત્યારે એનાં થીજેલાં અંગો સુખવિરામ (રિલેક્સેશન), શૈથિલ્ય માંગતાં. ઉદ્યમે સાહસે શોભતું જીવન તો સદા કલામાં જ એ સુખવિરામ, 'રિલેકસેશન'શોધતું હોય છે. સંઘજીવનને સંતોષનારી કલા એકાદ ગવૈયાની ઝીણી સિતારી ન હોય. એકાદ વારાંગનાનું માર્દવભર્યું નૃત્ય ન હોય, એને તો જોઈએ છે ઝૂકાઝૂક અને રેલમછેલ."

પોતાની સમગ્ર ચર્ચાના સારાંશરૂપે મેઘાણી નોંધે છે કે, "ઉપલાં સર્વ ઉદાહરણો ટાંકીને આ વ્યાખ્યાનમાં બતાવવાનું જે હતું તે એ છે કે લોકવાણીનો પ્રવાહ ગુર્જરસાહિત્યના ઈતરપ્રવાહોથી તદ્દન અનોખો, લોકભાગ્ય કવિ પ્રેમાનંદ-શામળ વગેરેની સુદીર્ઘ પરંપરાથી પણ સાવ નિરાળો ને સ્વતંત્ર અને એમ સ્વતંત્રપણું સાચવીને એક પછી એક સર્વ ગુર્જરસાહિત્ય યુગોની સોંસરો સદાય વહેતો રહેલો સજીવન સ્રોત છે."

લોકસાહિત્યને મેઘાણી 'નિજત્વનો નિચોડ'ગણાવે છે. મેઘાણીએ લોકસાહિત્યને એક સ્વતંત્ર, સ્વાભાવિક, સહજ અને શિષ્ટસાહિત્યથી પ્રકૃતિએ ભિન્ન એવો પ્રવાહ ગણાવ્યો છે. આથી જ લોકવાણીના સર્જકો વિશે તેઓ કહે છે કે ,"એની વાણી પણ એણે નિરાળાં જ નિયમો પર રચી છે. એના કલામરોડો એના પોતાના છે. રજૂ કરેલાં દ્રષ્ટાંતો પરથી દેખાશે કે નકલ એમણે કરી નથી. રાજવાટિકા પર વેરાયેલાં મણિમુક્તતાનો મોહ રાખ્યા વગર પોતાને જડેલા પાંચીકા અને ચણોઠી, રુદ્રાક્ષ અને તુલસીપારામાંથી જ એમણે પોતાનાં કાવ્ય-આભરણો પરોવી લીધાં છે."

મેઘાણી લોકસાહિત્યની પ્રતિષ્ઠા કરવા ઈચ્છે છે, પણ એનું ચડિયાતાપણું સાબિત કરવા માંગતા નથી. શિષ્ટસાહિત્ય અને લોકસાહિત્ય બન્નેની શક્તિ અને મર્યાદાનું એમને ભાન છે. મેઘાણી બન્ને પ્રવાહોને સ્વતંત્ર અને અનુકરણમુક્ત ગણાવે છે. આ સંદર્ભે મેઘાણી કહે છે કે, "આખ્યાનકાવ્ય કહો કે કથા કહો, તેની શામળ, પ્રેમાનંદ સમા કવિઓએ ખેડેલી ઘાટી જુદી અને લોકકાવ્યની પ્રૌઢિ પણ જુદી. બન્નેનું પોતપોતાનું સ્વતંત્ર કલાવિધાન છે." મેઘાણી શિષ્ટ લોકોત્તરસાહિત્યને ધોરી સડકના માર્ગ સાથે અને લોકસાહિત્યને પગદંડીના પંથ સાથે સરખાવે છે ત્યાં પણ બન્ને પ્રવાહની સ્વતંત્રતા, નિજતા, પારસ્પારિક અનુકરણમુક્ત પ્રેરણા અને બન્નેની અનિવાર્યતાને તેઓ ચીંધી આપે છે. મેઘાણીની સ્પષ્ટ સમજ છે કે, "કોઈએ કોઈનું અનુકરણ કર્યું નથી."

જોકે મેઘાણી તટસ્થભાવે સ્વીકારે છે કે પ્રત્યેક સંશોધકના પ્રથમ લોકગીતદર્શન વિશેના મુગ્ધભાવ દર્શાવતા શબ્દોમાં શિષ્ટસાહિત્ય પ્રત્યેનો કંટાળો અભિપ્રેત હોય છે અને એક સર્જનપ્રકાર પ્રશંસવા જતાં અન્ય સર્જનપ્રકારને ઊતરતો કે નબળો ગણવા જેવું થઈ જાય છે. મેઘાણી સાહિત્યરસજ્ઞતાને એક અને અખંડ ગણાવે છે. એમાં શિષ્ટ અને લોક એવા ભેદો અપ્રસ્તુત છે એવી યથાર્થ સમાજ તેઓએ આપી છે. મેઘાણી એ તથ્ય તરફ પણ ધ્યાન દોરે છે કે લોકસાહિત્યનું વિવેચન કરનારા અને તેનો આસ્વાદ કરાવનારા બધા, જેને શિષ્ટ કહેવાય છે તે સાહિત્યસંપ્રદાયમાંથી આવેલા છે. મેઘાણીની તટસ્થતાભરી ખરી સાહિત્યિક સમજ તેમાં પ્રસ્તુત થયેલી જોઈ શકાય છે. મેઘાણી કહે છે કે, "શિષ્ટ વ્યક્તિતસરજ્યું સાહિત્ય આપણને જે મુકામે લઈ જાય એ જ મુકામ પર લોકસાહિત્યનું પણ મહાપ્રયાણ છે. શિષ્ટસાહિત્યનું ઉત્પાદક બળ જો સંસ્કારિતા છે, તો લોકસાહિત્યની રોપણ-કયારી પણ તળપદી, રૂપાળી, નિરાળી લોકસંસ્કારિતા જ છે."

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

મેઘાણીની સમજ છે કે લોકસાહિત્યને લોકોત્તરસાહિત્યનાં મૂલ્યાંકનનાં ધોરણોથી મૂલવી ન શકાય. એને માપવાનાં ધોરણો અલગ છે. આમ છતાં વિશ્વસાહિત્ય અને શિષ્ટસાહિત્યમાં જોવા મળતું ભાવજગત-લાગણીવિશ્વ લોકગીતોનાં દ્રષ્ટાંતોમાં પણ જોવા મળે છે. અને એનાથી લોકગીતોની આસ્વાદકતા વધી જાય છે એમ પોતાની અવધારણા આપીને મેઘાણી લોકગીત-રાસડાનાં કેટલાંક દ્રષ્ટાંતો આપીને તેમાં જોવા મળતી સાહિત્યિક કલાત્મકતાને ચીંધી બતાવે છે. આ સંદર્ભે મેઘાણીનું પ્રતિપાદન છે કે, "વિશ્વસાહિત્યના વિહારીઓ જયારે આ લોકમુખના નમ્ર ઉદ્ગારની અંદર કયાંય કયાંય ભવ્ય કલ્પનાઓના અથવા શિષ્ટ સાહિત્યની ભાવનાઓના પડછાયા ભાળે છે, ત્યારે એ સામ્યનાં દર્શનમાંથી રસાસ્વાદની નવી શકિત જન્મે છે."મેઘાણી શેકસપિયર, કાલિદાસ અને હરીન્દ્રનાથ ચટ્ટોધ્યાયની કાવ્યસૃષ્ટિમાં જોવા મળતા ભાવો પૈકી કેટલીક ભાવ-લાગણી રાસડાઓમાં પણ સામ્યરૂપે જુએ છે. એના દ્રષ્ટાંત તરીકે'ધન્યાસ્ત દંગરજસા માલિનીભવન્તિ'એ કાલિદાસના ભાવ સાથે 'પગલીનો પાડનાર' ગીતના ભાવનું સામ્ય મેઘાણીએ મુકી આપ્યું છે.

આમ, આ સમગ્ર ચર્ચા મેઘાણીની લોકસાહિત્ય પરત્વેની પાકી અને ઊંડી પરખ દર્શાવી આપે છે.લોકસમુદાય સાથેનો નિકટનો પરિચય અને અભ્યાસ પણ ચર્ચાના મૂળમાં જોઈ શકાય છે. લોકસાહિત્ય વિશેની અવધારણા મેઘાણીએ પુસ્તકો વાંચીને નહીં પણ પ્રત્યક્ષ સંપર્કમાં આવીને કેળવી છે એ બાબત અહીં ફલિત થાય છે. મેઘાણીનું લોકસાહિત્ય સમાલોચન લોકના પ્રત્યક્ષ અનુભવ-દર્શન દ્વારા ઘડાયેલું છે. મેઘાણીએ લોકસમુદાયના જીવન વિશેનાં જે અવલોકનો રજૂ કર્યાં છે તેના પરથી તેમનો લોક સાથેનો અભ્યાસપૂર્ણ અનુભવ અને લોકસંસ્કૃતિની પરત્વેની સૂઝ જોઈ શકાય છે. એમની લોકસાહિત્ય વિશેની અવધારણા પ્રાદેશિક સંદર્ભો આધારિત બની છે. સૌરાષ્ટ્રના લોકસમુદાય-વ્યવહાર અને ભૂગોળના નિકટના અનુભવી અને જાણકાર એવા મેઘાણી આથી જ તો કહી શકે કે, "નર્મદના રાસડામાં ભરવાડણને ધરતી, ઝૌંકને ગોંદરા છોડી ડુંગરે ભમવાનું, દોવાનું, હાંકવાનું, સૃષ્ટિસૌંદર્ય માણવાનું દિલ છે. આ લાગણી લોકસાહિત્ય માટે અવાસ્તવિક છે."

## સંદર્ભ

1. 'લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય', ઝવેરચંદ મેઘાણી, ગુજરાત સાહિત્ય અકાદમી, ૨૦૧૧.
2. 'લોકસાહિત્ય: ધરતીનું ધાવણ', ઝવેરચંદ મેઘાણી, ગુજરાત સાહિત્ય અકાદમી, ૨૦૧૧.

http://vidyajournal.org